હવે શું થશે

જનરેશન ન્યુ એરાનો ભાગ બનવા બદલ તમારો આભાર.
તમારી સહભાગિતાએ એક મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક અભ્યાસમાં ફાળો આપ્યો છે, જે આવનારા અનેક વર્ષો માટે પરિવારો અને બાળકોની જિંદગી માટે લાભદાયક થશે. અમે આશા રાખીએ છીએ કે તમને તમારા બાળક અને માતા-પિતા તરીકેના જીવન વિશેના પ્રશ્નોના જવાબ આપવામાં આનંદ થયો હશે.

ભવિષ્યમાં શું થશે?

તમારો હવે પછીનો ઇન્ટરવ્યૂ: અમે તમને દર થોડા વર્ષે ભાગ લેવા માટે આમંત્રિત કરવાની આશા રાખીએ છીએ જેથી જાણી શકાય કે તમારું બાળક કેવી પ્રગતિ કરી રહ્યું છે. હવે પછીનો ઇન્ટરવ્યૂ તેઓ 3 વર્ષના થાય ત્યારે થવાની શક્યતા છે. જ્યારે તમારું બાળક મોટું થાય, ત્યારે તેઓ પોતે નક્કી કરી શકે છે, કે તેઓ ભાગ લેવાનું ચાલુ રાખવા માંગે છે કે કેમ.
BabySteps એપ: જો તમે BabySteps એપ માટે નોંધણી કરી હોય, તો અમે તમને ટૂંકી, માસિક સંશોધન પ્રવૃત્તિઓ કરવા માટે આમંત્રણ આપીશું, જ્યાં તમે વધારાના વાઉચર કમાઈ શકશો. જો તમે રજિસ્ટર ન કર્યું હોય અને કરવા માંગતા હો, તો તમે તમારા ઇન્ટરવ્યૂમાંથી લૉગિન કોડનો ઉપયોગ કરી શકો છો.
ભવિષ્યની તકો: તમને બીજી સંશોધન પ્રવૃત્તિઓ માટે આમંત્રિત કરવામાં આવી શકે અથવા પૂછવામાં આવી શકે, કે શું તમે અભ્યાસમાં મદદરૂપ થવા માટે અન્ય રીતોથી સામેલ થવા માંગો છો. તમે આમાં ભાગ ન લેવાનું પસંદ કર્યા પછી પણ જનરેશન ન્યુ એરાનો ભાગ બનેલા રહી શકો છો.

ભાગ લેવો તે હંમેશા તમારી પસંદગી છે. તમને કોઈપણ સમયે અભ્યાસમાંથી સમગ્રપણે અથવા આંશિક રૂપે નામ પાછું ખેંચવાનો હક છે.

અમે સંપર્કમાં કેવી રીતે રહીશું?

અમે અભ્યાસ વિશેના સમાચાર અને તેના નિષ્કર્ષો ધરાવતા અપડેટ્સ ઇમેલ તેમ જ ટપાલ દ્વારા મોકલીશું. અમે તમે અમને આપેલી સંપર્ક માહિતીનો ઉપયોગ કરીને સંપર્કમાં રહીશું. **જો તમે ઘર બદલો કે તમારું ઈમેલ એડ્રેસ કે ફોન નંબર બદલો, તો કૃપા કરીને QR કોડનો ઉપયોગ કરીને અમને જણાવો.**
જો તમે અમને કોઈ એવા વ્યક્તિની વિગતો આપી હોય જેનો અમે તમારો સંપર્ક ન થઈ શકે તો ભવિષ્યમાં સંપર્ક કરી શકીએ, **તો તપાસી લો કે શું તેઓ અમે આ ઉદ્દેશ્ય માટે તેમની વિગતો રાખીએ તે માટે રાજી છે**.
તમારી સંપર્ક માહિતીને અપ-ટૂ-ડેટ રાખવામાં મદદ કરવા માટે અમે NHS રેકોર્ડ્સ, સરનામું તપાસતી સેવાઓ અને સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરી શકીએ.
તમે અમારી વેબસાઇટ gnestudy.info પર વધુ માહિતી શોધી શકશો. અમને Instagram પર ફૉલો કરો! @gnestudy

તમારા ઇન્ટરવ્યૂ વિશે પ્રશ્નો છે?

Ipsosનો સંપર્ક કરો: gnestudy@ipsos.com અથવા **0800 151 0610**.

તમારી સંપર્ક માહિતી કે પરવાનગીઓ અપડેટ કરવી છે અથવા નામ પાછું ખેંચવું છે?

જો તમારે તમારું સરનામું, ઇમેલ એડ્રેસ કે ફોન નંબર બદલવાની જરૂર હોય, તો કૃપા કરી અહીં સ્કૅન કરો: QR કોડ –gnestudy.info/update-your-details.
તમે સંપર્ક ફોર્મનો ઉપયોગ કરીને પણ નિયમિત રેકોર્ડ્સ ઉમેરવાની તમારી પરવાનગીઓ બદલી શકો છો કે અભ્યાસમાંથી નામ પાછું ખેંચી શકો છો.

જો તમારે તમારા જીવનની કોઈ બાબત વિશે કોઈની સાથે વાત કરવી હોય તો શું?

અમે આશા રાખીએ છીએ કે તમને ભાગ લેવામાં મજા આવી. જો કોઈ બાબતે તમને ચિંતામાં મૂક્યા હોય, તો એવી સંસ્થાઓ છે જે મદદ કરી શકે છે:

- **Home Start** – માતા-પિતા માટે સહાય: home-start.org.uk/find-your-nearest-home-start
- **Citizens Advice** – નાણાં સંબંધી અને વ્યવહારિક સલાહ: citizensadvice.org.uk
- **Talk to FRANK** – દવાઓ અને દારૂ વિશે ગોપનીય સલાહ: talktofrank.com. ઈમેલ, **82111** પર ટેક્સ્ટ, **0300 123 6600** પર કૉલ (24 કલાક), અથવા વેબચૅટ
- **Refuge** – સ્ત્રીઓ માટે ઘરેલુ હિંસા સહાય: refuge.org.uk અથવા **0808 2000 247** પર કૉલ કરો (24 કલાક)
- **Respect** – પોતાની વર્તણૂક વિશે ચિંતિત લોકો (0808 8024040 પર કૉલ કરો) અથવા ઘરેલુ હિંસાના શિકાર પુરુષો માટે સહાય (0808 8010 327 પર કૉલ કરો). respect.org.uk
- **Samaritans** – ભાવનાત્મક સહાય: samaritans.org અથવા **116 123** પર કૉલ કરો (24 કલાક)
- આરોગ્ય સંબંધી ચિંતાઓ વિશે સલાહ માટે તમારા **GP** અથવા **હેલ્થ વિઝિટર**નો સંપર્ક કરો.

જનરેશન ન્યુ એરાનો ભાગ બનવા બદલ તમારો આભાર.